# –:://વેચાણ દસ્તાવેજ//::–

**અવેજ રૂા.........................../–**

**(અંકે રૂપિયા ................................... પુરાનો.)**

વિક્રમ સંવત ૨૦૭૩ ના ..............ને ..........વાર, તારીખ : .......... મી, માહે : ................, સને : ૨૦૧૭ ના અંગ્રેજી દિને...

**<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલા પક્ષના</u> :–**

**.........................................,**

ઉ.આ.વ. : ....., જાતના : હિન્દુ, ધંધો : ......,

રહેવાસી : ......................................

મોબાઈલ નંબર :

**PAN NO :**

( જેમનો હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અગર "ખરીદનાર" અગર "વેચાણ રાખનાર" અગર "પહેલા પક્ષના" વિગેરે શબ્દોથી ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં તમો જમીન વેચાણ રાખનાર ઉપરાંત વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઝ, સકસેસર્સ, એસાઈનીઝ વિગેરેનો સમાવેશ થતો ગણવાનો છે.)

**જોગ લિ.,**

**<u>આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા યાને બીજા પક્ષના:–</u>**

**"મેસર્સ આર.એમ. એન્ટરપ્રાઈઝ"**ના ભાગીદારી પેઢી તેના ભાગીદારો

**શ્રી રોહિતભાઈ ઠાકોરભાઈ પટેલ,**

ઉ.આ.વ. : ૫૮, જાતના : હિન્દુ, ધંધો : વેપાર,

રહેવાસી : ઠાકોર નિવાસ, રાંદેર રોડ, સુરત તથા ૬, અંકુર પાર્ક સોસાયટી, જહાંગીરપુરા, સુરત. **PANNO : AASFR 7921 H**

(જેમનો હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" અગર "વેચનાર" અગર "વેચાણ આપનાર" અગર "બીજા પક્ષના" એ વિગેરે શબ્દોથી ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં અમો જમીન વેચાણ આપનાર ઉપરાંત વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઝ, સકસેસર્સ,એસાઈનીઝ વિગેરેનો સમાવેશ થતો ગણવાનો છે.)

જત આ વેચાણ દસ્તાવેજથી અમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે,

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના ગામ મોજે ભાઠાના બ્લોક નંબર : ૧૩૮ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૨ જેનું ક્ષેત્રફળ ૪૫૯૩૨ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૩૯ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૧ જેનું ક્ષેત્રફળ ૧૧૮૩૭ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૦ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૧ જેનું ક્ષેત્રફળ ૪૪૫૨ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૧ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૨ જેનું ક્ષેત્રફળ ૪૪૫૧ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૨ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૩ જેનું ક્ષેત્રફળ ૪૪૨૧૨ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૪ જેનો રેવન્યુ સર્વે નંબર : ૫૩ જેનું ક્ષેત્રફળ ૪૩૫૦ ચો.મી. છે, સદરહુ તમામ બ્લોક નંબરોવાળી ખેતી સિવાયની જમીન એકત્રીકરણ કરવાથી નવો બ્લોક નંબર : ૧૩૮, જેનું ક્ષેત્રફળ : ૧૧૫૨૩૪ ચો.મી. થાય છે, તે અંગેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર નોંધ નંબર : ૪૮૬૧, તારીખ : ૨૬/૦૯/૨૦૦૯ થી થયેલ છે, જે જમીનને ટી.પી. સ્કીમ નંબર : ૫૦ (ભાઠા) લાગુ પડવાથી આપાવામાં આવેલ ફાઈનલ પ્લોટો પૈકી ફાઈનલ પ્લોટ નંબર ૮૯/એ વાળી જમીનમાં **"ગ્રીન સીટી"** નામથી આયોજન કરી બાંધકામ કરવામાં આવેલ રહેઠાંણના બિલ્ડીગો પૈકી બિલ્ડીગ **"એચ"** ટાઈપવાળા બિલ્ડીગમાં ફલેટોનું આયોજન કરેલ છે. જે **"કુસુમ હાઈટ્સ"** નામ આપવામાં આવેલ છે તે બિલ્ડીગ પૈકી **"એચ"** ટાઈપના **બિલ્ડીંગ નંબર : "૩૫"** ના ............ આવેલ ફલેટો પૈકી **ફલેટ નંબર : ......**, જેનું બિલ્ટઅપ એરીયામાં ક્ષેત્રફળ ......... ચો.ફુટ યાને ........ ચો.મી. તથા આખા બિલ્ડીગની તળની ......... ચો.મી. જમીન પૈકી વણવહેચાયેલ અવિભાજય હિસ્સાની ......... ચો.મી. જમીન સહિત તથા રાસુકા અવિભાજય હિસ્સાની......... ચો.મી. રોડ–રસ્તા, સી.ઓ.પી. સહિતની ફલેટવાળી મિલ્કત.

સદરહુ જમીનના ટાઈટલ અંગે ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ ભાઠાના બ્લોક નંબર : ૧૩૮ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૨ જેનું ક્ષેત્રફળ ૪૫૯૩૨ ચો.મી. છે. સદરહુ પુરેપુરી જમીનના મુળ માલીક ફલીભાઈ ધનજીશા ભાઠેના, નરીમાન ઉર્ફે નૈશીર ધનજીશા ભાઠેના, જાલ ધનજીશા ભાઠેના, મીનુભાઈ ધનજીશા ભાઠેના, પીરોજશા ધનજીશા ભાઠેના કરીને હતા. તેઓએ સયુકત માલિકીના જમીન પૈકી ફલીભાઈ ધનજીશા ભાઠેનાએ તેઓના પોતાનો હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજથી ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ, રોહિતભાઈ ઠાકોરભાઈ પટેલ, અજયભાઈ ઠાકોરભાઈ પટેલ તથા મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલનાઓને વેચાણ આપેલ જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૫ તારીખ ૩૦/૧/૧૯૯૦ થી નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર

નોંધ નંબર ૬ માં ૩૭૭૩ તારીખ ૨૮/૨/૧૯૯૧ થી થયેલ છે. તેવી રીતે નરીમાન ઉર્ફે નૈશીર ધનજીશા ભાઠેનાએ તેઓના પોતાનો હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજથી મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૭ તા. ૩/૮/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે નોંધ નંબર ૩૭૭૯ તારીખ : ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. તેમજ જાલ ધનજીશા ભાઠેનાએ તેનો પોતાનો હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજથી મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૬ તારીખ ૨૬/૭/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે નોંધ નંબર ૩૭૮૦ તારીખ ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. આ રીતે પીરોજશા ધનજીશા ભાઠેનાએ પોતાનો હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજથી મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૨ તારીખ ૨૬/૭/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે નોંધ નંબર ૩૭૮૧ તારીખ ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. તેમજ મીનુભાઈ ધનજીશા ભાઠેનાએ હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજથી મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૩ તારીખ ૩૧/૭/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે હકક ફેરફાર નોંધ નંબર ૩૭૮૨ તારીખ : ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. આ રીતે મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓ સંપુર્ણ માલીક મુખત્યાર અને કાયદેસરના કબજેદાર થયેલાં ત્યારબાદ તેઓએ અલગ અલગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં વેચાણ દસ્તાવેજ નંબર : ૩૬૩૮, ૩૬૪૦, ૩૬૪૧, ૩૬૪૩, ૩૬૪૫, ૩૬૪૬, ૩૬૪૯, ૩૬૫૧ તારીખ : ૧૯/૦૩/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૬૫૬, ૪૬૫૫, ૪૬૫૮, ૪૬૬૦, ૪૬૫૯, ૪૬૫૩, ૪૬૫૪,૪૬૫૭ પ્રમાણિત થયેલ છે.

તેમજ મોજે ગામ ભાઠાના બ્લોક નંબર : ૧૩૯ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૧ જેનું ક્ષેત્રફળ ૧૧૮૩૭ ચો.મી. છે. સદરહુ પુરેપુરી જમીનના મુળ માલીક ફરામરોઝ નરીમાન લાકડાવાળા તથા કેતાયુન ફરામરોઝ લાકડાવાળા વિગેરે રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૨૯૪ તારીખ ૧૩/૭/૧૯૮૭ ના રોજ નોંધાયેલ છે. આ રીતે મજકુરના મુળ માલીક પાસે શ્રી નેવીલ

ફલીભાઈ ભાઠેના તથા ફલીભાઈ ધનજીશા ભાઠેના તે બાનુબાઈ ધનજીશા ભાઠેના અને અદી કાંગાજી ધણીયાણીના કુ.મુ. તરીકે વેચાણ રાખેલ જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૬૬૧ થી તારીખ : ૧૮/૧/૧૯૮૭ ના રોજ થયેલ છે. ત્યારબાદ મજકુરના નેવીલભાઈ ધનજીશા ભાઠેના વિગેરેનાઓએ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૨૬૫૮ તારીખ : ૨૦/૨/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૭૭૪ થી તારીખ ૨૮/૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. આ રીતે મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓ સંપુર્ણ માલીક મુખત્યાર અને કાયદેસરના કબજેદાર થયેલાં ત્યારબાદ તેઓએ અલગ અલગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે દસ્તાવેજ નંબર : ૩૬૩૫, ૩૬૩૭, ૩૬૪૭, ૩૬૫૦ તારીખ : ૧૯/૦૩/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૬૪૮, ૪૬૫૧, ૪૬૫૦, ૪૬૪૯, પ્રમાણિત થયેલ છે.

તેમજ મોજે ગામ ભાઠાના બ્લોક નંબર ૧૪૦ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૧ જેનું ક્ષેત્રફળ ૪૪૫૨ ચો.મી. છે. તે ખેતી સિવાયની જમીનના મુળ માલીક ભાણાભાઈ દેવાભાઈ હતાં. તેઓ તારીખ : ૨/૧૨/૧૯૪૭ ના રોજ અવસાન પામતા તેમની વારસાઈ અંગેનો તુમાર મે. મામલતદાર સાહેબ, ચોર્યાસી તાલુકો, સુરતના હુકમ ક્રમાંક નંબર : આર.ટી.એસ. / ૧૧ / ૯૨, ૬૭ / ૪૮ – બી, તારીખ : ૨૭/૩/૧૯૪૮ ના હુકમને આધારે, જોગીભાઈ ભાણાભાઈનું નામ વારસાઈ હકકે મોજે ગામ ભાઠા, તાલુકે ચોર્યાસી, જીલ્લો : સુરતના હકક પત્રક (ગામનો નમુનો નંબર : ૬) માં નોંધ નંબર : ૨૦૫૮ થી તારીખ : ૩૧/૩/૧૯૪૮ થી નોંધયેલી અને પ્રમાણિત થયેલી. સદરહુ જમીનને ટુકડો ધારો લાગુ પડતા, નામદાર સરકારશ્રીના ઠરાવ ક્રમાંક નંબર : ૫૮૬૯ / ૪૫ / ૭, તારીખ : ૧૭/૫/૧૯૫૦ થી તારીખ : ૧૮/૫/૧૯૫૦ અસાધારણ ગેઝેટમાં આ તાલુકાના સ્ટેન્ડર જરાયત એકર ૨–૦૫ ગુંઠા કચારી એકર ૦–૨૯ ગુંઠા, બાગાયત એકર ૦–૨૦ ગુંઠા ઠેરવવામાં આવેલ તે અંગેની નોંધ મોજે ગામ ભાઠા, તા. ચોર્યાસી, જી. સુરતના હકક પત્રક (ગામનો નમુનો નંબર ૬) માં નોંધ નંબર ૨૨૫૯ થી તારીખ ૨૯/૯/૧૯૫૦ થી નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. ત્યારબાદ સદરહુ જમીન અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાંદેર સિંચાઈ પેટા વિભાગ જાવક નંબર : ઈરી / ભાઠા / પ્રમાણપત્ર / વશી ૪૭૦ તારીખ : ૧૦/૪/૨૦૦૦ ના રોજ આપેલ પ્રમાણપત્ર મુજબ ટુકડો કમી કરવા અંગેની નોંધ કરી જે અંગેની નોંધ તારીખ : ૧૨/૧૦/૨૦૦૧ ના રોજ પ્રમાણિત થયેલ

છે. જે નોંધ નંબર : ૪૦૪૧ થી ગામ દફતરે નોંધાયેલ છે. ત્યારબાદ સદરહુ જમીનનાં અંગે દુરસ્તી થતા, મે. મામલતદાર સાહેબ, ચોર્યાસીનાં હુકમ નંબર : આર.ઈ.વી. ૭૧૫ / ૮૦, સુરત તારીખ : ૨૧/૪/૧૯૮૦ માં જણાવ્યા મુજબ ભાઠા, તા. ચોર્યાસી, જી.સુરતના ગામની હીસ્સા દુરસ્તીના કાગળો મુજબ, સદરહુ જમીનની દુરસ્તી થતા બાકી રહેલ સુમારે હે. ૦–૪૪ આરે –૫૨ ચો.મી. અને આકાર રૂા. ૧૦.૭૨ પૈસા નોંધવામાં આવેલ, જે અંગેની નોંધ મોજે ગામ ભાઠા, તા. ચોર્યાસી, જી. સુરતના હકક પત્રક (ગામનો નમુનો નંબર ૬) માં નોંધ નંબર : ૩૪૪૯ થી તારીખ : ૫/૭/૧૯૮૦ થી નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સદરહુ જમીનના મુળ માલીક જોગીભાઈ ભાણાભાઈએ સદરહુ જમીનનો વહીવટ, વેચાણ કરવા માટે શ્રી બાલુભાઈ રામભાઈને કુલમુખત્યાર તરીકે નિયુકત કરેલા. જે આધારે મજકુર જમીન માલીકે તેમના કુલમુખત્યાર બાલુભાઈ રામભાઈ દ્વારા સદરહુ જમીન ભગુભાઈ જેરામભાઈને વેચાણ આપેલી. જેનો વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર : ૩૩૯ થી તારીખ : ૧૧/૧/૧૯૮૫ ના રોજ નોંધાયેલ છે તે રીતે સદરહુ જમીનનાં સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર મજકુર ભગુભાઈ જેરામભાઈ થયેલા. જે અંગેની નોંધ મોજે ગામ ભાઠા, તા. ચોર્યાસી, જી. સુરતના હકક પત્રક (ગામનો નમુનો નંબર : ૬) માં નોંધ નંબર : ૩૭૯૯ થી તારીખ : ૨૨/૭/૧૯૯૯ થી નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. ત્યારબાદ ભગુભાઈ જેરામભાઈએ સદરહુ જમીન યોગેશભાઈ છોટાલાલ પટેલ, નવીનભાઈ ગીરધરભાઈ પટેલ, ધર્મેશ ચંદુભાઈ પટેલ, નયનભાઈ છોટાલાલ પટેલને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે મે. સુરતના સબ રજી. સાહેબની કચેરીમાં અનુકમ નંબર : ૧૦૮૧ થી તારીખ : ૧૫/૨/૨૦૦૨ ના રોજ નોંધાયેલ છે. ત્યારબાદ મજકુરના યોગેશભાઈ છોટાલાલ પટેલ, નવીનભાઈ ગીરધરભાઈ પટેલ, ધર્મેશ ચંદુભાઈ પટેલ, નયનભાઈ છોટાલાલ પટેલનાઓએ પરેશભાઈ ધીરજભાઈ દેસાઈને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે મે. સુરતના સબ રજી. સાહેબની કચેરીમાં અનુકમ નંબર : ૩૬૯૮ થી તારીખ : ૭/૪/૨૦૦૪ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે નોંધ નંબર : ૪૨૬૩ તારીખ : ૨૮/૧૦/૨૦૦૪ ના રોજ થયેલ છે. ત્યારબાદ સામાયિકપણાની નોંધ મુજબ મજકુરના ચૈતાલીબેન, અંકિત, ક્રિષ્મા સહમાલીક તરીકે નામ દાખલ થયેલા જેની નોંધ ગામ દફતરે નોંધ નંબર : ૪૩૧૭ થી તારીખ : ૧૩/૫/૨૦૦૫ થયેલ છે. આ રીતે મજકુરના પરેશભાઈ ધીરજભાઈ દેસાઈની સ્વપાર્જીત માલીકીપણામાં સદરહુ જમીન ચાલી આવેલી તેઓ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં વેચાણ દસ્તાવેજ નંબર : ૩૯૭૪, તારીખ : ૨૧/૦૩/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ

દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૬૩૯ પ્રમાણિત થયેલ છે.

તેમજ મોજે ગામ ભાઠાના બ્લોક નંબર : ૧૪૧ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૨ જેનું ક્ષેત્રફળ ૪૪૫૧ ચો.મી. છે, સદરહુ પુરેપુરી જમીનના મુળ માલીક તરીકે બાઈ બેનાબેન તે વાલજીભાઈ દેવાભાઈની વિધવા હતા. તેઓ ગુજરી જતાં તેણીએ હયાતીમાં તારીખ ૧૫/૪/૧૯૬૫ ના રોજ કરેલ વીલ યાને વસિયતનામાને આધારે સદરહુ જમીનના માલિક મુખત્યાર અને કાયદેસરના કબજેદાર લક્ષ્મીબેન ગોપાળજી થયેલા જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૨૦૮ તારીખ ૧૯/૦૨/૧૯૬૯ ના રોજ થયેલ છે. ત્યારબાદ મજકુરના લક્ષ્મીબેન નાનાભાઈ પટેલએ તારીખ ૦૨/૦૯/૧૯૮૨ ના રોજ કરેલ વહેંચણ મુજબ કાયદેસરના વારસ ડાહયાભાઈ નાાનાભાઈ પટેલના હિસ્સે માલિકી હકકે દાખલ થયેલ જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૫૫૮ તારીખ ૧૮/૧૦/૧૯૮૨ ના રોજ કરેલ વહેંચણ મુજબ કાયદેસરના વારસ મનોજભાઈ ડાહયાભાઈ પટેલને પ્રાપ્ત થયેલ જેની નોંધ ગામ દફતરે નોંધ નંબર ૩૫૫૯ થી તારીખ ૧૮/૧૦/૧૯૮૨ ના રોજ થયેલ છે. ત્યારબાદ મજકુરના મનોજભાઈ ડાહયાભાઈ પટેલએ યાને તેઓના કુલમુત્યારએ સદરહુ જમીન સુરેશકુમાર નગીનદાસ મોદી (એચ.યુ.એફ.) ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે સુરતના મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૨૪૬૨ થી તારીખ ૧૬/૦૪/૨૦૦૪ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૪૨૧૫થી તારીખ ૧૦/૦૬/૨૦૦૪ ના રોજ થયેલ છે. આમ મજકુરના સુરેશકુમાર નગીનદાસ મોદી (એચ.યુ.એફ.) માલીક મુખત્યાર અને કાયદેસરના કબજેદાર થયેલા તેઓએ તેમના સીધી લીટીના વારસોના નામ સામાયિકપણામાં દાખલ થયેલા જેથી સુરેશકુમાર નગીનદાસ મોદી (એચ.યુ.એફ.) રમીલાબેન સુરેશકુમાર મોદી, અલ્પેશભાઈ સુરેશકુમાર મોદી, નિમીષાબેન સુરેશકુમાર મોદી માલિક મુખત્યાર થયેલા જે અંગેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૪૨૮૮ થી તારીખ ૧૦/૧૨/૨૦૦૪ ના રોજ પાડવામાં આવેલ જે તારીખ ૧૫/૦૧/૨૦૦૫ ના રોજ પ્રમાણિત થયેલ ત્યારબાદ મજકુરના સુરેશકુમાર નગીનદાસ મોદી (એચ.યુ.એફ.) વિગેરેનાઓએ વ્રજ ડેવલપર્સ એક ભાગીદારી પેઢીને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે મે.સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૮૩૮૧ તારીખ ૧૩/૦૭/૨૦૦૫ ના રોજ નોંધાયેલ છે. ત્યારબાદ મજકુરની વ્રજ ડેવલપર્સ એક ભાગીદારી પેઢી એ સદરહુ જમીન રજી. વેચાણ દસ્તાવેજથી જીજ્ઞેશભાઈ દેવરાજભાઈ ગોધાણી વિગેરેનાઓને વેચાણ આપેલ જે મે. સુરતના સબ

રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૧૫૮૯૫ થી તારીખ ૩૦/૧૨/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. ત્યારબાદ જીજ્ઞેશભાઈ દેવરાજભાઈ ગોધાણી વિગેરેનાઓએ પોતાની સંપુર્ણ માલીકી કબજા ભોગવટાની જમીન તેઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં વેચાણ દસ્તાવેજ નંબર : ૧૨૮૯૮, તારીખ : ૨૫/૧૦/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૫૭૨, પ્રમાણિત થયેલ છે.

તેમજ મોજે ગામ ભાઠાના બ્લોક નંબર : ૧૪૨ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૩ જેનું ક્ષેત્રફળ ૪૪૨૧૨ ચો.મી. છે, સદરહુ પુરેપુરી જમીનના મુળ માલીક ફલીભાઈ ધનજીશા ભાઠેના કરીને હતા. તેઓએ તારીખ ૫/૨/૧૯૮૯ ના રોજ સામાયિકપણામાં નામ દાખલ કરાવેલા જે મુજબ નોંધ નંબર ૩૭૦૪ ગામ દફતરે નોંધાયેલ છે. જેમાં ડોલીબેન ફલીભાઈ તથા નેવીલ ફલીભાઈ તથા ટીનાઝ ફલીભાઈ ધનજીશા ભાઠેનાની છોકરી તમામ નામો દાખલ થયેલા. જે પૈકી ટીનાઝ ફલીભાઈ ભાઠેનાએ પોતાનો વણવહેંચાયેલ ૧/૪ હીસ્સાના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને કરી આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૩૩૬૯ તા. ૮/૩/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૭૭૮ થી તારીખ : ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. તેમજ ફલીભાઈ ધનજીશા ભાઠેનાએ પોતાનો વણવહેંચાયેલ ૧/૪ હીસ્સાના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને કરી આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૨૬૬૦ તારીખ : ૨૦/૨/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર : ૩૭૭૬ થી તારીખ : ૨૮/૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. તેમજ નેવીલ ફલીભાઈ ભાઠેનાએ પોતાનો વણવહેંચાયેલ ૧/૪ હીસ્સાનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને કરી આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૨૬૫૯ તા. ૨૦/૨/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૭૭૫ થી તા.૨૮/૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. તેમજ ડોલીબેન ફલીભાઈ ભાઠેનાએ પોતાનો વણવહેંચાયેલ ૧/૪ હીસ્સાનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને કરી આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૩૩૬૮ તા. ૮/૩/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૭૭૭ થી તા. ૧/૩/૧૯૯૧ ના રોજ થયેલ છે. ત્યારબાદ પાર્વતિબેન

રોહિતભાઈ, મયુરભાઈ રોહિતભાઈ, જયોતિબેન અજયભાઈ, મિતાલી અજયભાઈ, સુધાબેન મુકેશભાઈ, ભાવેશભાઈ મુકેશભાઈના નામો સામાયિકપણામાં દાખલ થયેલા. જેની નોંધ ગામ દફતરે નોંધ નંબર ૪૩૭૨ થી થયેલ છે. આ રીતે મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓ સંપુર્ણ માલીકી તથા કબજા ભોગવટાની સદરહુ જમીન તેઓએ અલગ અલગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં વેચાણ દસ્તાવેજ નંબર : ૧૩૨૪૨ તારીખ : ૦૩/૧૧/૨૦૦૬ તથા ૧૨૮૦૪, તારીખ : ૨૩/૧૦/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૪૮૦, ૪૫૫૨, પ્રમાણિત થયેલ છે.

તેમજ મોજે ગામ ભાઠાના બ્લોક નંબર : ૧૪૪ જેનો રેવન્યુ સર્વે નંબર : ૫૩ જેનું ક્ષેત્રફળ ૪૩૫૦ ચો.મી. છે. સદરહુ પુરેપુરી જમીનના મુળ માલીક વલ્લભજી રતનજીએ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૧૨૮૩ થી તારીખ ૬/૧/૩૯ ના રોજ થયેલ છે. ત્યારબાદ મજકુરના વલ્લભજી રતનજીના વારસો રામજીભાઈ વલ્લભભાઈ તથા પરભુભાઈ વલ્લભભાઈના નામે ચાલતી સદરહું જમીન તેઓએ ફલીભાઈ ધનજીશા તથા નેવીલ ફલીભાઈ ભાઠેનાને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૬૨૩ થી તારીખ ૧/૧/૧૯૮૫ ના રોજ થયેલ છે.આમ મજકુરના ફલીભાઈ ધનજીશા વિગેરેનાઓએ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર ૧૫૭૪ થી તારીખ ૩૦/૧/૧૯૯૦ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર ૩૭૭૨ તારીખ ૨૮/૨/૧૯૯૧ ના રોજ થયેલ છે. ત્યારબાદ મજકુરના ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ વિગેરેનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી બીજા પક્ષનાને વેચાણ આપેલ. જે મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં દસ્તાવેજ નંબર : ૩૬૩૩, તારીખ : ૧૯/૦૩/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ અનુક્રમે ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર ગામ નમુના નંબર : ૬ માં એન્ટ્રી નંબર : ૪૬૪૦ પ્રમાણિત થયેલ છે.

આ રીતે **મેસર્સ સ્વપ્ન એન્ટરપ્રાઈઝ** નામની ભાગીદારી પેઢીએ સદરહુ પુરેપુરી જમીન વેચાણ રાખી સદરહુ જમીન ઉપર **મેસર્સ સ્વપ્ન એન્ટરપ્રાઈઝ** બાંધકામ અંગેની કાર્યવાહી કરે છે. આમ, સદરહુ મિલકત અમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલિકી તથા કબજા હકકની આવેલી છે. સદરહુ મિલકત ઉપર અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઈનાં કંઈપણ

લાગભાગ, દરદાવો કે હકક, હિસ્સો, હિત, સંબંધ વગેરે લાગતા કે પહોંચતા નથી તથા સદરહુ મિલકતનો અમો બીજા પક્ષનાનું મન ચાહે તે રીતે તમોને અગર હરકોઈને વેચાણ, બક્ષીસ કે ગીરો વગેરે વ્યવસ્થા કરવાનો તથા તમામ પ્રકારેથી તેનો વહીવટ વગેરે કરવાનો અમોને સ્વતંત્ર અને સંપૂર્ણ માલિકી હકકે, હકક અને અધિકાર રહેલો છે અને તેના ટાઈટલ અમારાથી સંપૂર્ણ થાય છે તેવો વિશ્વાસ તથા ભરોસો આપવાથી તે ઉપર આધાર રાખીને સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપવા નકકી કરેલ જે અંગેનો રજી. વેચાણનો કરાર યાને વેચાણનો સાતાખત મહે. સુરતના સબ–રજીસ્ટાર કચેરીમાં અનુક્રમ નંબર................. તારીખ................ ના (Real Estate Regulatory Act) રેરા ના કાયદાની જોગવાઈ મુજબ મજકુર યોજનાના પ્રાયોજક યાને મજકુરના બીજાપક્ષના તથા મજકુર મીલકત ખરીદવા નકકી કરેલ મજકુરના પહેલા પક્ષના વચ્ચે વેચાણ લેવા નકકી થયેલ મીલકત અંગે થયેલ સાતાખત યાને વેચાણના કરારની રેરાના તમામ શરતોનુ બંને પક્ષકારો વચ્ચે સંપૂર્ણ પણે પાલન થયેલ છે અને તે અંગે મજકુરના બંને પક્ષકારોને કોઈપણ પ્રકારની તર–તકરાર દર–દાવો વાંધો–વચકો નથી. એવું જાહેર કરી મજકુરના બીજાપક્ષના મજકુરના પહેલા પક્ષનાને આજરોજ આ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપે છે.

મજકુર જમીનમાં આયોજીત મજકુર યોજના અંગે પ્રમોટર યાને પ્રાયોજક ધ્વારા મજકુર યોજનાને(Real Estate Regulatory Act) રેરા ના કાયદાની જોગવાઈઓ હેઠળ જે તે સક્ષમ ઓથોરીટી પાસે રેરા નોંધણી સર્ટીફિકેટ નંબર : Rera No.................... થી તારીખ ......................... ના રોજ મેળવવામાં આવેલ હતું. તેમજ મજકુર રેરાના કાયદાની જોગવાઈ મુજબ જરૂરી એવા તબકકાવાર મેળવવાના યાને મેળવવા પડતા તમામ સર્ટીફિકેટો જેવા કે, કમ્પલેશન સર્ટીફિકેટ, ઓકયુપનશી સર્ટીફિકેટ, બિલ્ડીંગ યુઝ સર્ટીફિકેટ વિગેરે તમામ પરવાનગીઓ યાને સર્ટીફિકેટો મજકુરના બીજાપક્ષનાએ મેળવેલ છે. જે અંગેની ખાતરી મજકુરના વેચાણ લેનારા પહેલાપક્ષનાએ કરેલ છે.

મજકુર મીલકત અંગે આ અગાઉ કરેલ વેચાણ કરાર યાને સાતાખત જે હાલના પ્રવર્તમાન લાગુ રેરાના કાયદા મુજબ યાને રેરાની જોગવાઈઓ અંગે મજકુરના વેચાણ લેનારા તથા વેચાણ આપનારા બંને પક્ષના માહિતગાર છે. તે મુજબ યાને રેરાના કાયદાની જાણકારી મુજબ તમામ શરતોનું બંને પક્ષકારોએ પાલન કરેલ છે. જેથી મજકુર મીલકતના ફાઈનલ કારપેટ એરીયાના માપ બાબતે કે વધારાના વેચાણ અવેજ બાબતે કે ઓછા વેચાણ અવેજ બાબતે હમો મજકુરના બંને પક્ષનાને કોઈ તર–તકરાર નથી એટલે કે મજકુરના વેચાણ લેનારા

તથા મજકુરના વેચાણ આપનારા કોઈપણ પક્ષનાને કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ કે તકરાર નથી.

અમો બીજા પક્ષનાએ તમો મજકુર પહેલા પક્ષનાને સદરહુ ફલેટવાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી **રૂા............/–અંકે રૂપિયા .................. પુરાનો** કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપી છે. જે વેચાણ અવેજના નાણાં તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાને નીચેની વિગતે ચુકવી આપેલ છે.

## –:://અવેજની વિગત//::–

| ક્રમ | બેંકનું નામ | ચેક નંબર | તારીખ | રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | **કુલ્લે રકમ રૂા.** | |

સબબ આ રીતે સદરહુ ફલેટનો કુલ વેચાણ અવેજ તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાને પુરેપુરો ચુકવી આપેલ છે. જેની અમો બીજા પક્ષના આથી પહોંચ સ્વીકારીએ છીએ. જેથી સદરહુ અવેજ નહીં મળ્યાની કે ઓછા મળ્યાની તર–તકરાર અમો બીજા પક્ષનાએ કે અમો બીજા પક્ષના વંશવાલી, વારસોએ કરવા–કરાવવાની નથી.

સદરહુ મિલકતનો સ્થળ ઉપર ખાલી પ્રત્યક્ષ કબજો તમોને માલિકી હકકે અમો બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને સુપરત કરી દીધેલો છે તે તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસી કબજો બાંધકામમાં વપરાયેલ મટીરીયલ કે બાંધકામની ગુણવત્તા બાબતે તમો પહેલાપક્ષનાને સંતોષ છે જે અંગે તમો પહેલા પક્ષનાએ કોઈપણ પ્રકારની તરતકરાર કરવા કરાવવાની નથી.

સદરહુ મિલકત આ અગાઉ અમો બીજાપક્ષનાએ કે બીજાપક્ષનાઓના વંશવાલી વારસોએ અન્ય કોઈના સાથે કે કોઈપણ સંસ્થા સાથે, કોઈપણ જાતના કરાર, સાટાખત, બાનાખત કે મૌખિક બાંહેધરીથી આપેલી નથી. તેમજ સદરહુ મિલકત ઉપર કોઈપણ જાતનો બોજો ચાર્જ કે લોન લીધી નથી તથા કોઈના કોઈપણ પ્રકારના ખોરાકી, પોષાકીના હકક નથી અને તે રીતે સદરહુ મિલકત તદ્દન નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી તમોને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી છે. તેમ છતાં ભવિષ્યમાં ટાઈટલ સબંધી કોઈ ખામીઓ નિકળી આવે તો તે અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને હમારા ખર્ચે અને જોખમે દુર કરી કરાવી આપવાની રહેશે સહી.

સદરહુ મીલકત **"ગ્રીનસીટી"** નામથી ઓળખાતી બિલ્ડીગોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં તમો મજકુરના પહેલા પક્ષનાએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા–

કરાવવાનો નથી. તેમજ સદરહુ યોજના **"ગ્રીનસીટી"** ના તમામ ધારાધોરણો કે વહીવટી તમામ નિયમોનું પાલન મજકુરના પહેલા પક્ષનાઓએ કરવાનું છે અને રહેશે સહી. તેમજ ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે રજીસ્ટર્ડ કો.ઓ.હા.સોસાયટી બનાવવાની જરૂર પડે તો તેમાં તમો પહેલાપક્ષનાએ સાથ સહકાર આપવાનો રહેશે. જેમાં તમો પહેલા પક્ષનાની કોઈપણ તરતકરાર ચાલશે નહી.

તમોને વેચાણ આપેલી જમીનના સરકાર તથા લાગતી વળગતી કચેરીના આજદીન સુધીના તમામ વેરા, મહેસુલ, કેસ વિગેરેનાં નાણાં હમો વેચાણ આપનારે માલીક તરીકે ભરી દીધા છે અને બાકી હશે તો તે હમો ભરી દઈશું અને કદાચ તે તમારા ભરવા પડે તો તે હમો વેચાણ આપનારા કનેથી વસુલ કરી લો સહી અને સદરહુ જમીન અંગેના આજદીન પછીના તમામ વેરા, મહેસુલ, કેસ વિગેરેના નાણાં માલીક તરીકે તમોએ ભરવાના છે સહી.

સદરહુ મિલકત અંગેના રાસુકા હકક રસ્તા, પાર્કીંગ, ડ્રેનેજ, ગેસ લાઈન, પાણીની લાઈન, ઈલેકટ્રીક લાઈન, ટેલીફોન લાઈન વિગેરે તમામ માટે રાસુકા રાખવામાં આવ્યા છે. જેથી રસ્તાના કે અન્ય હકક અલાયદા માંગવાના નથી તેમજ બાકી રહેતી જમીનના અન્ય આયોજનોમાં કોઈપણ પ્રકારનો વાંધો લેવાનો નથી.

સદરહુ યોજના મુજબ બાંધકામમાં આવેલ ફલેટ કે જે તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરવામા આવેલ છે તે સિવાયનું વધારાનું બાંધકામ તમો પહેલા પક્ષનાએ કરવા–કરાવવાનું નથી. તેમ છતાં કરવા–કરાવવામાં આવશે તો તે અંગની સમગ્ર જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

સદરહુ મિલકતની સ્થિતિ, લત્તો, વિસ્તાર વિગેરે ધ્યાનમાં લઈને તેની હાલની બજાર કિંમત ઉપર જણાવ્યા મુજબ છે. ઉપર જોઈતો કાયદા મુજબનો સ્ટેમ્પ વાપરી આ વેચાણ દસ્તાવેજ કર્યો છે. તેનો તમામ ખર્ચે હમો વેચાણ આપનારા મજકુરના બીજા પક્ષનાએ કર્યો છે.

## –:://પરિશિષ્ટ//::–

## –:://વેચાણ આપેલ મિલકતની વિગત//::–

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના ગામ મોજે ભાઠાના બ્લોક નંબર : ૧૩૮ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૨ જેનું ક્ષેત્રફળ ૪૫૯૩૨ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૩૯ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૧ જેનું ક્ષેત્રફળ ૧૧૮૩૭ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૦ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૧ જેનું ક્ષેત્રફળ ૪૪૫૨ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૧ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૬/૨ જેનું ક્ષેત્રફળ ૪૪૫૧ ચો.મી. છે, તથા બ્લોક નંબર : ૧૪૨ જેનો રેવન્યુ સર્વે નંબર : ૪૭/૩ જેનું ક્ષેત્રફળ ૪૪૨૧૨ ચો.મી. છે, તથા બ્લોક

નંબર : ૧૪૪ જેનો રેવન્યુ સર્વે નંબર : ૫૩ જેનું ક્ષેત્રફળ ૪૩૫૦ ચો.મી. છે, સદરહુ તમામ બ્લોક નંબરોવાળી ખેતી સિવાયની જમીન એકત્રીકરણ કરવાથી નવો બ્લોક નંબર : ૧૩૮, જેનું ક્ષેત્રફળ : ૧૧૫૨૩૪ ચો.મી. થાય છે, તે અંગેની નોંધ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં હકક ફેરફાર નોંધ નંબર : ૪૮૬૧, તારીખ : ૨૬/૦૯/૨૦૦૯ થી થયેલ છે, જે જમીનને ટી.પી. સ્કીમ નંબર : ૫૦ (ભાઠા) લાગુ પડવાથી આપાવામાં આવેલ ફાઈનલ પ્લોટો પૈકી ફાઈનલ પ્લોટ નંબર ૮૯/એ વાળી જમીનમાં **"ગ્રીન સીટી"** નામથી આયોજન કરી બાંધકામ કરવામાં આવેલ રહેઠાંણના બિલ્ડીગો પૈકી બિલ્ડીગ **"એચ"** ટાઈપવાળા બિલ્ડીગમાં ફલેટોનું આયોજન કરેલ છે. જે **"કુસુમ હાઈટ્સ"** નામ આપવામાં આવેલ છે તે બિલ્ડીગ પૈકી **"એચ"** ટાઈપના **બિલ્ડીંગ નંબર : "૩૫"** ના ............ આવેલ ફલેટો પૈકી **ફલેટ નંબર : ......**, જેનું બિલ્ટઅપ એરીયામાં ક્ષેત્રફળ ......... ચો.ફુટ યાને ........ ચો.મી. તથા આખા બિલ્ડીગની તળની ......... ચો.મી. જમીન પૈકી વણવહેચાયેલ અવિભાજય હિસ્સાની ......... ચો.મી. જમીન સહિત તથા રાસુકા અવિભાજય હિસ્સાની......... ચો.મી. રોડ–રસ્તા, સી.ઓ.પી. સહિતની ફલેટવાળી મિલ્કત જેની આખી બિલ્ડીગની ચતુરસીમા નીચે મુજબ છે.

ઉત્તરે :
દક્ષિણે :
પૂર્વે :
પશ્ચિમે :

ઉપરની વિગતનો આ વેચાણનો દસ્તાવેજ અમો બીજા પક્ષનાએ અમારી રાજીખુશીથી વાંચી, વંચાવી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વિના, તનમનની સાવધ અવસ્થામાં લખી આપેલ છે જે અમો બીજા પક્ષનાને તથા અમારા વંશવાલી વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે...............................મતુ તત્રે.............................શાખ.

**મેસર્સ આર.એમ. એન્ટરપ્રાઈઝ**ના ભાગીદારી પેઢીના ભાગીદાર

......................................

......................................
**( રોહિતભાઈ ઠાકોરભાઈ પટેલ )**

......................................

**"એચ"** ટાઈપના **બિલ્ડીંગ નંબર : "૩૫"** ના ....... **માળે** આવેલ **ફ્લેટ નંબર : ......, "ગ્રીન સીટી", ભાઠા, સુરત.**

**વેચાણ લેનારની સહી :–** **વેચાણ આપનારની સહી :–**

# રજીસ્ટ્રેશન એકટની કલમ ૩૨–એ મુજબ

**આ વેચાણનો દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલા પક્ષના :–**

પાસપાર્ટનો સાઈઝનો ફોટો અહીં લગાડવો

......................................

ડાબા હાથના અગુંઠાનું નિશાન

**આ વેચાણનો દસ્તાવેજ લખી આપનાર યાને બીજા પક્ષના :–**

મેસર્સ આર.એમ. એન્ટરપ્રાઈઝના ભાગીદારી પેઢીના ભાગીદાર :–

પાસપાર્ટનો સાઈઝનો ફોટો અહીં લગાડવો

......................................

ડાબા હાથના અગુંઠાનું નિશાન

( રોહિતભાઈ ઠાકોરભાઈ પટેલ )

## –:://પરિશિષ્ટ//::–

**નોંધણી અધિનિયમ–૧૯૮૦ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ**

| અ.નં. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| (૧) | તબદિલ લેખમાં જણાવેલ વિગતોનું વર્ણન મુજબ સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના ગામ મોજે ભાઠાના બ્લોક નંબર : ૧૩૮ વાળી બીનખેતી જમીનમાં આવેલ બિલ્ડીગો **"ગ્રીન સીટી"** નામથી આયોજન કરી બાંધકામ કરવામાં આવેલ રહેઠાંણના બિલ્ડીગો પૈકી બિલ્ડીગ **"એચ"** ટાઈપવાળા બિલ્ડીગમાં ફલેટોનું આયોજન કરેલ છે. જે **"કુસુમ હાઈટ્સ"** નામ આપવામાં આવેલ છે તે બિલ્ડીગ પૈકી **"એચ"** ટાઈપના **બિલ્ડીંગ નંબર : "૩૫"** ના ............ આવેલ ફલેટો પૈકી **ફલેટ નંબર : ......**, સુપર બિલ્ટઅપ એરીયામાં ક્ષેત્રફળ **.......** ચો.મી. છે, તે મીલકત તમોએ વેચાણ કરેલ છે કે કેમ ? | |
| (૨) | લેખમાં જણાવ્યા મુજબ ....... ચો.મી. ક્ષેત્રફળ વાળી મિલકત માટે લેખ કરી આપેલ છે ? | |
| (૩) | લેખમાં જણાવ્યા વિગતે અવેજની રકમ તમોને મળેલ છે ? | |
| (૪) | લેખમાં જણાવેલ વિગતો વાંચી વંચાવીને સમજી વિચારીને તમે પોતે જાતે જ સહી / અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | |
| (૫) | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો ? | |
| **ઓળખાણ આપનારને પુછવાનો પ્રશ્નો :** | | |
| (૧) | વેચાણ દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | |
| (૨) | વેચાણ દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે ? | |
| (૩) | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

...................................... ......................................

**વેચાણ આપનારની સહી** **ઓળખાણ આપનારની સહી.**

......................................

**સબરજીસ્ટ્રાર સુરત–૭ (હજીરા) સાહેબની સહી.**